A3P5L4

# 1 મજા તો માળિયામાં, કાતરિયામાં

**1 ગાઈએ ગીતિકા :**

ખદુક, ઘોડા, ખદુક! ખદુક, ઘોડા, ખદુક!
ઘોડો મારો સાતપાંખાળો ઊડતો ચાલે કેવો,
કેડી નહિ ત્યાં કેડી પાડે જળ-જંગલમાં એવો!
ખદુક, ઘોડા, ખદુક! ખદુક, ઘોડા, ખદુક!

માગે એ ના ખાવું પીવું, માગે એ ના ચારો,
હુકમ કરો ને કરો સવારી, પળનો નહીં ઉધારો!
ખદુક, ઘોડા, ખદુક! ખદુક, ઘોડા, ખદુક!

જાય ટપી એ ખેતરપાદર, જાય ટપી એ ડુંગર,
માન ઘણું અસવાર તણું જે રાજાનો છે કુંવર!
ખદુક, ઘોડા, ખદુક! ખદુક, ઘોડા, ખદુક!

– રમણલાલ સોની

**2 વાંચો અને ભજવો. (જોડી કાર્ય)**

- આયત : ભેંસનું પૂછડું પકડીને કેમ ઊભો છે?
  ટીકુ : ગરોળીની જેમ આની પૂંછડી છૂટી પડી જાય કે કેમ, એ ચકાસું છું.
- મમ્મી : અલ્યા, આ કોબીજનાં બધાં પાંદડાં છૂટાં પાડી શું કરે છે?
  હેતા : એમાંથી ખાવાનું ફળ શોધું છું.

**3 વાંચો.**

## બિચારી ફિયોના

મહેરાસાહેબના ગર્ભશ્રીમંત કુટુંબમાં એમની સાત વર્ષની પૌત્રી ફિયોના વયમાં સૌથી નાની. એની મા પણ પિસ્તાળીસી વટાવી ચૂકેલી, પછી દાદા-દાદીની તો વાત જ શી? બે પેઢી પહેલાંનાં રૂઢિ-રિવાજ મુજબ સાસુ-વહુ એને ઉછેરતાં. ધમાચકડી, તોફાનમસ્તી બધાંથી એ સાવ અજાણ. મોટા ઘરની છોકરીથી બહાર રમવા તો જવાય જ નહીં. એને સૌથી વધુ દોસ્તી દાદા સાથે. દી' આથમ્યે દી' આખાની રામકહાણી એ દાદાને સંભળાવતી. દાદાનું બહેરાપણું એના બબડાટની આડે કદી નહોતું આવતું!

"ફિયોના, ઓ ફિયોના!" ખાસ એની સંભાળ માટે રાખવામાં આવેલ આધેડ વયની આયાની આવી બૂમ સાંભળી ફિયોનાને કપાળે



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કરચલી પડતી. સમયપત્રક મુજબ નહાવું, ધોવું, ખાવું-પીવું, દિવસમાં બે વાર કપડાં બદલવાં વગેરે કર્મકાંડથી એ વાજ આવી ગઈ હતી.

બપોર આખી ફિયોનાને ફરજિયાત પોતાના ઓરડામાં ભરાઈ રહેવું પડતું. મોટા પલંગમાં એ પાસાં ઘસતી પડી રહેતી. પવનની લહેરખી સાથે એનેય બહાર દોડી જવાનું મન થતું. પણ સામે પહેરેગીર સમી આયા છાપાં ઉથલાવતી બેઠી જ હોયને!

પણ એક દિવસ આયાને ઝોકું આવી ગયું, અને ફિયોના ચોરપગલે ઘરની બહાર નીકળી ગઈ. રસ્તા પર આવી ત્યારે એની છાતી ધડકધડક થતી હતી. આજુબાજુ જોયા વિના એણે તો બસ મુઠ્ઠી વાળીને દોડ્યા કર્યું. કૂતરાના ભસવાના અવાજે જ્યારે એ ચોંકીને ઊભી રહી ત્યારે સામે એક ઘરનો વાડો હતો.

''કેવી બી ગઈ!'' ઝાંપે ઊભેલ એના જેવડી ત્રણેક છોકરી હસી પડી.

''તારું નામ શું?'' એમાંની એકે પૂછ્યું.

''ફિયોના મહેરા.''

''કેવું મજાનું નામ છે!''

''અને તારું?''

''મારું નામ ડૉલી, આનું પર્લ અને પેલીનું મર્લ. અને પણે હીંચકા ખાય છે તે અમારો ભાઈ છે, અમારી સૌથી નાની બહેન ઘોડિયામાં છે. જોવી છે તારે? અંદર આવને!''

ફિયોના તો રાજીરાજી થતી એ બધાં સાથે ભળી ગઈ. રમતાં રમતાં બધાં માળિયા પર આવ્યાં. બધું વેરવિખેર પડ્યું હતું. એક બાજુ મોટો ખાટલો હતો, એય તૂટેલોફૂટેલો. ઢીલો થઈ જવાને લીધે ઘોડિયા જેવો બની ગયેલો.

''હું, પર્લ અને મર્લ, ત્રણેય આમાં સૂઈએ છીએ.''

''એમ કે!'' રાતે ઠંડીમાં ત્રણેય બહેનો એકમેકને વળગીને હસતીરમતી વાતો કરતી કેવી મજેથી ઊંઘી જતી હશે, એવો વિચાર ફિયોનાને આવી ગયો.

''ફિયોના, જો આ છાપરા પરથી આખું નગર દેખાય છે.''

ચારે બાજુ નજર નાખતાં એના પોતાના ઘર પાસેનો ટાવર પણ નજીક દેખાયો. ''હત્તારીની! મારું ઘર તો અહીંથી નજીક જ લાગે છે.'' ફિયોના મનોમન બબડી.

''એય, ચાલ આપણે કૂદકા મારીએ.'' પર્લે દરખાસ્ત મૂકી.

પણ નીચે બધું ખરવા માંડતાં મા નીચેથી બરાડી, ''મારાં પીટ્યાંઓ! ઊતરો છો કે નહીં નીચે?''

અને બધાં નીચે આવ્યાં. ફિયોના તો ગભરાઈ ગઈ હતી. પણ આશ્ચર્ય! માના મોઢા પર ગુસ્સાનું નામનિશાન નહોતું. ઊલટાનું તેણે તો છોકરાંવને ખાવા બેસવા કહ્યું.

''બા, ફિયોનાનેય સાથે બેસાડીએ?''

''હા, હા, બેસાડને!'' અને ત્રણેય નાચવા લાગી. ફિયોના પણ સાથે ઠેકડા મારવા લાગી. અને એક જ થાળીમાં ચારેય સાહેલીઓએ મસ્તી-તોફાન કરતાં કરતાં ખાધું. ઘેર ચાંદીની થાળીમાં પંચપકવાન ખાઈને કંટાળેલી ફિયોનાને આ બહુ ભાવ્યું.

અને ફરી પાછી ધીંગામસ્તી, સંતાકૂકડીની રમત શરૂ થઈ. દાદર નીચે, માળિયા પર, કબાટ પાછળ, બારણાની આડશે બધે છોકરાંવ સંતાઈને બેસતાં. ડોલી ફિયોનાને ખેંચીને કોઠારમાં લઈ ગઈ. ત્યાં ગાઢ અંધારું હતું. અનાજની કોઠીઓ, પેટી-પટારા, તૂટેલોફૂટેલો સામાન, આ બધાં વચ્ચે ફિયોના અધ્ધર શ્વાસે ઊભી રહી. મર્લ ઉપર દાવ




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

હતો. ''રેડી?'' એ બહારથી બોલી. એટલામાં ફિયોનાના પગ પરથી કાંઈ સરકી ગયું, અને એ બીને બૂમ પાડી ઊઠી. ડોલી એના મોઢે હાથ દાબી બોલી, ''ચૂપ રે, પકડાઈ જવું લાગે છે તારે! બીકણ બિલાડી! ઉંદરથી ગભરાય છે!''

રમત પૂરી થઈ ત્યારે ફિયોનાનો અવતાર જોવા જેવો હતો. માથામાં બધે બાવાં બાઝ્યાં હતાં, ફરાક જરા ઉતરડાયું હતું, ચોટલાની રિબિન ક્યાંય પડી ગઈ, હાથ-પગ બધું ધૂળ ધૂળ.

અને પછી બધાં હીંચકે ચઢ્યાં. કોઈએ સૂચવ્યું, ''ચોર-સિપાઈ રમીએ.'' પોલીસ આવી. ચોર જીવ લઈને નાઠા, હીંચકાનો વેગ વધ્યો. અરે, આવ્યા રે પોલીસ! હીંચકો ઊંચો ને ઊંચો જતો ગયો. ફિયોના સળિયાને સજ્જડ પકડીને ચીટકી રહી.



ત્યાં તો ''ફિયોના મહેરા, ફિયોના!'' બહારથી પરિચિત અવાજ કાને પડ્યો. જમીનને પગ અડ્યા. હીંચકો એકદમ ઊભો રહ્યો. સામે આયાનો રુદ્રાવતાર જોઈ ફિયોના હેબતાઈ જ ગઈ.

''ચાલ, નીચે ઊતર! આવાં ભિખારડાંઓ જોડે તે તારાથી રમાતું હશે? તારા વેશ તો જો! ઘેર જઈને પહેલવહેલી મારે તને નવડાવવી પડશે.'' અને હાથ તાણીને તે ફિયોનાને ઘેર લઈ જવા લાગી. બિચારી ફિયોના! દયામણી આંખે પાછળ બહેનપણીઓ સામે જોતી જોતી એ આયા સાથે ઢસરડાતી હતી – જાણે કસાઈને ત્યાં ન ઢસડી જવાતી હોય!

ઘેર જતાં જતાં આયા કહેતી હતી, ''તારે બહાર શું કામ આવવું જોઈએ? ઘેર કેવાં મજાનાં રમકડાં છે! અને કપડાં તે બગાડાય...?'' પણ ફિયોનાને આમાંનું કશું સંભળાતું નહોતું. એના કાનમાં તો ડૉલીના ઘરમાંની ધમાચકડી ને આનંદ-કલ્લોલના જ ભણકારા વાગતા હતા!

– હરિશ્ચંદ્ર

(વિલિયમ મહૉનેની અંગ્રેજી વાર્તાને આધારે)

- **વાતચીત :**
  - તમને વાર્તા સાંભળીને ક્યારે દુઃખ થયું, ગુસ્સો આવ્યો, મજા પડી? બીજું શું શું થયું?
  - તમે ઘરે કોની સાથે સૌથી વધુ વાતો કરો છો? કેમ?
  - તમને કઈ કઈ રમતો ગમે છે?
  - તમે કયા મિત્રના ઘરે જાઓ છો? શા માટે? ત્યાં શું કરો?
  - ફિયોના જેવી છોકરીને ક્યારે મજા આવે? તે કેવી રીતે ખુશ થાય?
  - તમે રમીને આવો ત્યારે તમારા દેખાવ વિશે વડીલો શું કહે છે?
  - માળિયામાં કે અભરાઈ પર શું શું મુકાય?

**4 આયાની જેમ બેઠાં બેઠાં ઝોકું ખાઓ. વાર્તામાં આવતા આ શબ્દોના નજીકના અર્થ વાર્તાનું વાક્ય વાંચીને ધારો.**

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**ચોરપગલે :** ચોરનું પગેરું પકડવા, ચોર ચોરી કરવા ચાલે એમ છાનુંમાનું, ફટાફટ ભાગી જઈ

**રામકહાણી :** ગમેલી-ન ગમેલી વાતો, રામ ભગવાનની વાર્તા, ફિયોનાની વાર્તા

**ભળી ગઈ :** ગળી ગઈ, ભેગી(સાથે) ગઈ, ભેગી મળી ગઈ

**નામનિશાન નહોતું :** અતોપતો નહોતો, નામ પાડ્યું નહોતું, નામ નિશાના પર નહોતું

**પરિચિત :** વિચિત્ર, જાણીતું, જોયેલું **સમી :** એકસરખી, સાંજ, સામાન્ય

**5** **શબ્દોના અર્થ જાણો. વાર્તામાં જ્યાં આ શબ્દ આવતો હોય તે વાક્ય નીચે લીટી દોરો. તમે પણ એક વાક્ય બનાવો, વર્ગમાં કહો. તમારા મિત્રોએ બનાવેલાં વાક્ય સાંભળો. (જોડીકાર્ય)**

1. પહેરેગીર : જગ્યાનો રખેવાળ, પહેરો ભરનાર, લાંબો સમય ઊભા રહી જગ્યા કે વ્યક્તિની દેખરેખ રાખનાર
   - નેતા, અભિનેતા કે ખેલાડીઓ પહેરેગીર રાખે છે. આવા પહેરેગીર છથી સાત કલાક જેટલું ઊભા રહેતા હોય છે.
   - મંદિરના દરવાજાની બંને બાજુએ પહેરેગીરની મૂર્તિ હોય છે.
   - ____________________
2. પૌત્રી : પુત્રની પુત્રી, દીકરાની દીકરી
   - ફિયોના નરેશભાઈ ફતેહજી મહેરા. ફિયોના ફતેહજીની પૌત્રી છે.
   - ફિયોનાનાં મમ્મીનાં સાસુનું નામ લક્ષ્મીબેન છે. ફિયોના લક્ષ્મીબેનની પૌત્રી કહેવાય. (ઉપરની રીતે તમારું નામ લખો.)
   - ____________________

**6** ____________ **ને શું કહેવાય?**

1. તમારા મમ્મીના ભાઈના દીકરાની મમ્મી : ____________

   મમ્મીના ભાઈ : મામા.

   મમ્મીના ભાઈનો દીકરો : મામાનો દીકરો, ભાઈ

   મમ્મીના ભાઈના દીકરાની મમ્મી : મામાના દીકરાની મમ્મી : મામી
2. ફોઈના પપ્પાની પૌત્રી : ____________
3. પપ્પાના પપ્પાનાં પત્ની : ____________
4. મમ્મીના ઘરવાળાની તમારા સિવાયની બીજી દીકરી : ____________
5. મમ્મીનાં મમ્મીની તમારાં મમ્મી સિવાયની બીજી દીકરી : ____________

- **ગીતિકા ગાઈશુંને ફરીથી! 'ખદુક, ઘોડા, ખદુક!...'**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**7** **વાર્તામાં આવતા કેટલાક શબ્દ બે શબ્દો વડે બનેલા છે. એ બંને શબ્દો ઓળખી કાઢો. બંને શબ્દોના અર્થની ચર્ચા કરી લખો. જરૂર પડે ત્યાં શિક્ષકની મદદ લો. (જૂથકાર્ય)**

ચર્ચા કરાવો કે આવા બે શબ્દોથી બનેલા એક શબ્દનો અર્થ શો થાય? ચર્ચા કર્યા પછી એક અર્થ નક્કી કરાવો.

1. ગર્ભ, શ્રીમંત : ગર્ભશ્રીમંત : ધનવાન મા-બાપનું એ બાળક કે જે માતાના ગર્ભમાં હોય ત્યારથી જ ધનવાન ગણાય
2. ________ : સમયપત્રક : ________
3. ________ : રામકહાણી : ________
4. ________ : ચોરપગલું : ________
5. ________ : પંચપકવાન : ________
6. ________ : નામનિશાન : ________
7. ધીંગી, મસ્તી : ધીંગામસ્તી : સાથે મળીને બૂમાબૂમ તથા તોફાન કરવું તે

**8** **વાક્ય વાંચીને આપેલા શબ્દજૂથનો અર્થ ધારો અને લખો. (જોડીકાર્ય)**

1. **કપાળે કરચલી પડવી :** ________

   ટીનીની મમ્મી તેને હંમેશા સ્વચ્છ, સુઘડ રાખે. કપડાં મેલાં થાય તે તો મમ્મીને જરાય ગમે નહિ. એક દિવસ ટીનીને ભીની માટીમાં રમતી જોઈ તો મમ્મીના કપાળે કરચલી પડી.

2. **વાજ આવી જવું :** ________

   હોશિયાર મયૂરી, શફીન અને તેમના દોસ્ત એક ફકરો પાંચ-પાંચ વાર લખવા આપતા શિક્ષકથી વાજ આવી ગયાં છે.

3. **હેબતાઈ જવું :** ________

   એકદમ શાંત રહેતા શાંતિલાલ સાહેબને ગુસ્સામાં જોઈ બધાં બાળકો અને ગામલોકો હેબતાઈ ગયાં.

**9** **વાર્તામાંથી "બપોર આખી... એક ઘરનો વાડો હતો." ફકરા વાંચો. ત્યાર પછી નીચે આપેલાં વાક્યોના અર્થને બંધબેસતું વાક્ય તે ફકરામાંથી શોધી લખો. (જોડીકાર્ય)**

1. ફિયોના ડરામણા અવાજથી ગભરાઈ જાય છે. ________
2. ફિયોના છાનીમાની ઘરેથી ભાગી છૂટી. ________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3. ફિયોનાએ નિયમોમાં રહીને જીવવું પડે છે. ______________

4. ઘરની બહાર નીકળતાં જ તેના હૃદયના ધબકારા વધી ગયા. ______________

5. ફિયોના આરામ કરી કરીને થાકી ગઈ હતી. ______________

**10 શબ્દજૂથવાળું વાક્ય વાર્તામાંથી શોધો અને તેને મળતા આવતા અર્થનો ક્રમ ઉદાહરણ મુજબ લખો.**

| | | |
|---|---|---|
| [ 2 ] | (1) ફિયોનાના કપાળે કરચલી પડી | (1) કંટાળી ગયેલી |
| [ ] | (2) છાતી ધડકધડક થતી હતી | (2) ચીડ ચડતી |
| [ ] | (3) અવતાર જોવા જેવો હતો | (3) આનંદ સાથે ડર પણ લાગતો |
| [ ] | (4) સજ્જડ પકડીને ચીટકી રહી | (4) બીક સાથે હીંચકો ખાવાની મઝા |
| [ ] | (5) વાજ આવી ગઈ હતી | (5) પૈસાદાર કુટુંબ |
| [ ] | (6) મોટા ઘરની છોકરી | (6) દેખાવ બદલાઈ ગયેલો |

**11 ફિયોનાની જેમ કપાળે કરચલી પાડો અને પછી પ્રશ્નોના જવાબ આપો.**

1. તમે શાનાથી વાજ આવી ગયા છો?
2. તમે કે તમારાં નાનાં ભાઈ-બહેન ક્યારે હેબતાઈ ગયાં હતાં?
3. તમે ક્યારે પાસાં ઘસતાં સૂઈ રહો છો?
4. તમને કશાકના ભણકારા વાગે છે? શાના? ક્યારે?
5. તમારા શિક્ષકના/મમ્મીના/પપ્પાના કપાળ પર કરચલી ક્યારે પડે છે?

**12 આ વાર્તા ઘરે જઈને મોટેરાંને કહો. ત્યાર પછી વાક્યોને વાર્તાની ઘટના મુજબનો ક્રમ આપો. (ઘરકામ)**

[ ] ફિયોનાને બાળક જેવું રમતાં આવડી ગયું.

[ ] ફિયોના ખુશ રહેવાનું શીખી ગઈ.

[ ] ફિયોનાએ ડૉલી, પર્લ અને મર્લના ઘરે ધમાચકડીભરી રમતો રમી.

[ 1 ] ફિયોના રોજ એકનું એક કામ કરીને કંટાળી ગઈ.

[ ] ફિયોના ડૉલી, પર્લ અને મર્લને મળી.

[ ] ફિયોના રોજની દિનચર્યાથી કંટાળીને ઘરેથી ભાગી છૂટી.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**13** **આપેલા શબ્દોમાં કયો ભાવ રહેલો છે : આનંદ, દુઃખ કે ગુસ્સો ? તે વિચારો. શબ્દોની આગળ લાગુ પડતું સ્માઈલી દોરો.**

| | | |
|---|---|---|
| દયામણું મોઢું : | મોજમસ્તી કરવી : | ધિંગામસ્તી કરવી : |
| રુદ્રાવતારવાળી આયા : | કસાઈવાડે ઢસડાવું : | હૃદય ધકધક થવું : |
| ધમાચકડી મચાવવી : | ગમગીન ચહેરો : | મોટેથી બરાડવું : |

**14** **'મજા જ મજા' અને 'સજા જ સજા' ફટાફટ ત્રણ વખત બોલો. તમારી પસંદ-નાપસંદ નક્કી કરો. પસંદ હોય તો 'મજા જ મજા' અને નાપસંદ હોય તો 'સજા જ સજા' બોલો.**

(1) ફરજિયાત ઘરમાં રહેવું. (2) આયાની સંભાળમાં રહેવું. (3) મિત્રોના ઘરે જવું. (4) સમયપત્રક મુજબ જીવવું. (5) દાદાની સાથે વાતો કર્યા કરવી. (6) ડર લાગે છતાં રમત રમવી. (7) મેલાં ઘેલાં કપડાંવાળા મિત્રો સાથે રમવું.

**15** **આ વાક્ય કોણ બોલી શકે? લખો.**

1. ના બેટા, એમ ન કરાય આપણાથી. ____________
2. પણ મને ભૂખ નથી. મારે નથી ખાવું અત્યારે. ____________
3. તમને ત્રણને સાથે ઊંઘવાની કેવી મજા આવતી હશે! ____________
4. થોડીવાર રમવા દોને ફિયોનાને અમારી સાથે. ____________
5. સંતાઈ જાઓ, જો જો પોલીસ પકડી ન લે. ____________
6. હું કામ કરતાં કરતાં ઝોકું ખાઈ લઉં છું. ____________
7. મારામાં કેટલો કચરો ભર્યો છે? ____________
8. આખું શહેર જોવું હોય તો ટાવર ઉપર ચડી જાવ. ____________

**16** **ડૉલીના ઘરમાં પહોંચતાં પહેલાંની ફિયોનાનું વર્ણન કરતા શબ્દ છેકી નાખો.**

ઈસ્ત્રીટાઈટ ફરાક, બેચેન, લઘરવઘર દેખાવ, ખુશખુશાલ, અપટુડેટ, અશાંત, વાળમાં જાળાં, આનંદિત, સુંદર ઢીંગલી, કંટાળો, ફાટેલું ફરાક, પ્રસન્નતા, રંગબેરંગી ફૂમતાં, સેરો, અસ્વસ્થતા, વિખરાયેલા વાળ, હસતી-કૂદતી

**17** **પ્રશ્નોના જવાબ આપો અને કોઈપણ ત્રણના જવાબ લખો.**

1. ફિયોના દાદાને જ કેમ રામકહાણી સંભળાવતી હશે?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

2. ફિયોનાને આયાની સારસંભાળ કેમ ગમતી નહોતી?
3. સહેલીઓ સાથે મેળાપ થતાં ફિયોના કેવી લાગણી અનુભવતી હશે? કેમ?
4. ડૉલીના ઘરે જઈને ફિયોનાએ શું શું કર્યું?
5. ''હત્તારીની! મારું ઘર તો નજીક જ લાગે છે.'' - આવું ફિયોના કેમ બબડતી હશે?
6. 'ભિખારડાં' શબ્દ કાને પડતાં ફિયોના શું વિચારતી હશે?
7. ફિયોનાને બિચારી કેમ કહી છે?
8. ફિયોનાની મમ્મી, દાદી અને આયાને એક-એક સલાહ આપો. (સાભિનય બોલો.)
9. તમે વાર્તાની ફિયોનાની જગ્યાએ હોત તો તેના કરતાં તમે જુદું શું કર્યું હોત, શું ન કર્યું હોત?

- **ખડુક કરતાં ગાઈએ ગીતિકા : ખડુક, ઘોડા, ખડુક!...**

**18** **પોતાની જગ્યાએ ત્રણ કૂદકા મારો અને ખાલી જગ્યા પૂરો. (અમે, તમે, તમારું, તમારો, તમારી, તમારા, તેમણે, કોણ) (જોડીકાર્ય)**

ડૉક્ટર મૅડમે બધાં છોકરાંને પૂછ્યું, ''જમતાં કે નાસ્તો કરતાં પહેલાં ________ પોતાના હાથ સાબુથી ધૂએ છે?'' વિદ્યાર્થીઓ સામે જોઈ ________ આગળ પૂછ્યું, ''________ રાત્રે સૂતાં પહેલાં તમારા દાંત સાફ કરો છો?'' કેટલાંક છોકરાંએ 'હા' કહ્યું, કેટલાંકે 'ના.' બધાં વતી મીરાંએ કહ્યું, ''ડૉક્ટર સાહેબ, ________ ભૂલી જઈએ છીએ.''

ડૉક્ટર કહે, ''તો એકબીજાને યાદ અપાવવાનું. તમારે ________ શરીર તંદુરસ્ત રાખવું હોય તો આ ટેવ પાડવી પડશે.''

શાળાના આરોગ્યમંત્રી પરાગે કહ્યું, ''અમે ________ વાત બરાબર યાદ રાખીશું.''

બધાં વતી આચાર્યે કહ્યું, ''મૅડમ, માર્ગદર્શન બદલ ________ આભાર.''

**19** **ત્રણ-ત્રણના જૂથમાં બેસો. ઘાટા અક્ષરે છાપેલો શબ્દ કોના કે શાના માટે વપરાયો છે તે ઓળખી કાઢો અને કહો કે તમને કઈ રીતે ખબર પડી?**

ઉદાહરણ : શિક્ષકે જયંતને પૂછ્યું, ''**તું મારું** કામ કરીશ?''

**તું** એટલે **જયંત** - શિક્ષક જયંતને કહે છે તેથી. **મારું : શિક્ષકનું** - શિક્ષક પોતે બોલે છે તેથી.

1. ધ્રુવના હાથમાંની દાબેલીમાંથી હજી વરાળ નીકળતી હતી. **તેણે તે** હમણાં જ ખરીદી હતી.

**તેણે** એટલે **ધ્રુવે** - ________ **તે** એટલે **દાબેલી** - ________

2. સમડીને જોતાં કાબરનાં બચ્ચાં ડરી ગયાં. **તેમણે** ચીસાચીસ કરી મૂકી.

________ ________ - ________


મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3. આ તો મિન્ટુભાઈ! **તે** એમ માને? **એની** મમ્મી થાકીને બોલી, “**તારું** તે **મારે** શું કરવું?”

____ ____ - ____________ ____ ____ - ____________

____ ____ - ____________ ____ ____ - ____________

4. ખિસ્સું બોલ્યું, “દરજીકાકા, **મને** છેને નીરજભાઈ બહુ ગમે છે. **એમના** નવા બુશકોટ પર **તમે** મને બેસાડશો?”

____ ____ - ____________ ____ ____ - ____________

____ ____ - ____________

5. મહાવરો કરાવવા **તમારા** શિક્ષક પ્રશ્ન પૂછશે. **તેના** જવાબ આપવા **તમારે** હાથ ઊંચો કરવાનો છે.

____ ____ - ____________ ____ ____ - ____________

____ ____ - ____________

## 20 વાંચો અને ઘાટા શબ્દો પર ધ્યાન આપો.

આચાર્યે તો વર્ગમાં આવતાંવેંત પ્રશ્નોનો પહાડ કરી દીધો : ટેબલ પર આ માપપટ્ટી **કોની** છે? **કોણ** છે આ ભુલક્કડ? મનીષ **તારો** કંપાસ જોઈ જો તો! અને જાગૃતિ પાસેથી વાર્તાની ચોપડી **કોણે** લીધી હતી? પાછી આપી દેજો **એને**. આ શનિવારે **શાની** હરીફાઈ છે તે તો યાદ છેને? હા, રંગોળીની. તેમાં **કોને કોને** ભાગ લેવો છે? રિસેસમાં નામ લખાવી દેજો ભૂલ્યા વગર, અને **તમે** રંગોળી **શાના** વડે પૂરવાનાં છો એ પણ લખાવી દેજો. અરે! હમણાં મૂકો એ બધું. પહેલાં એમ તો કહો, **શાનો** તાસ છે આ? વિદ્યાર્થીઓએ કહ્યું, “ગુજરાતીનો.”

## 21 જવાબના આધારે યોગ્ય પ્રશ્નશબ્દ ખાલી જગ્યામાં લખો. (કોનું, કોની, કોનો, કોના)

1. ________ નોટબુકમાં શિક્ષકની સહી બાકી છે? : ચેતન અને જોયની નોટબુકમાં
2. આ ________ નિશાળ છે? : આપણી બધાંની
3. ટેબલ પર ________ કંપાસ છે? : મયંકનો
4. ________ પાસે લાલ પેન છે? : મારી પાસે નથી
5. કાર્યાલયની બહાર ________ ચંપલ છે? : મુસ્કાનના પપ્પાનાં
6. તમારે ________ કામ છે? : ગુજરાતીના શિક્ષકનું

## 22 નકામો વિકલ્પ છેકી યોગ્ય વાક્ય બનાવો.

1. વાર્તાના આધારે કહો કે આવું **કોણ/કોને** બોલે?
2. શિક્ષક : દિવ્યેશ, રીટાએ **તેણે/તને** અરડૂસી આપી?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

દિવ્યેશ : ના, **તેણે/તેને** તો મને તુલસીનાં પાન આપ્યાં.

3. તમે પ્રીતિનું ચિત્ર જોયું? આ વખતે **તેણે/તેને** ભૌમિતિક ભાત દોરી છે.
4. મીતાએ કહ્યું, ''મારા નામની બૂમ **કોને/કોણે** પાડી? **મને/હું** આવતી જ હતી.''
5. આ વાર્તા **કોને કોને/કોણે કોણે** વાંચી છે? **કોને કોને/કોણે કોણે** વાંચવાની બાકી છે?
6. જયેશે પૂછ્યું, ''નરેશ, **મને/તને** પેન્સિલ આપીશ? **હું/મને** ભૂલી ગયો છું.''

- આવી આ તો ફરી ગીતિકા! 'ખડુક, ઘોડા, ખડુક!'

**23** કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (જોડીકાર્ય)

(કોને, કોણ, કોની, કોનું, કોના, કોઈ, શાનો, શાનું, શાની, શાના, શા)

| | |
|---|---|
| ફટાફટ બધું નક્કી કરી દઈએ. રાધા કે રાગિણી? કૅપ્ટન ____ બનાવીશું? અને હા, સાધનોય ભેગાં કરવાનાં છે. ____ પાસે સ્ટમ્પ્સ છે? કોઈ પાસે નથી તો પછી ____ બનાવી લાવશે? જે બનાવે તે, લાકડીઓ સરખા માપની રાખે. બૅટ ____ લઈશું? સમીરાનું બૅટ નવું છે, તે જ લઈ જઈએને? અને હા, સૌથી અગત્યની વાત – આપણી સાથે ____ ____ મમ્મી કે પપ્પા આવવાનાં છે? અરે! કોઈ જવાબ તો આપો!<br>તમે બોલવા દો તો કોઈ જવાબ આપેને! | આ શું બનાવ્યું છે? પૂતળું? સરસ છે! તે બનાવવા ____ ____ ઉપયોગ કર્યો? ચીકણી માટી તો જાણે ખબર પડી. સળીઓ ____ વાપરી? વાંસ જ લાગે છે. અને પેલું ચક્ર ____ બનાવ્યું છે? સળિયા છે કે લાકડી પર રંગ લગાવ્યો છે ____ કારણે તે આટલી ચમકે છે અને આ બનાવ્યું છે ____ માટે? કોઈ તહેવાર આવે છે કે? કહો તો ખરા, ____ મૂર્તિ/પૂતળું છે? ____ કહો તો ખરા?<br>તમે જરા અટકો તો ____ જવાબ આપેને! |

**24** ખાલી જગ્યા પૂરો. (મને, કોને, તેણે, તારી, કોનું, કોણ, કોની, શાનું, શા, શાની)

1. તમારે ____ કામ છે? સીમાબહેનનું કે મીનાબહેનનું?
2. ____ શરબત છે? કોઠાનું હોય તો આપો.
3. સુરેન્દ્ર ગઈકાલે ગેરહાજર હતો. ____ માઈકલને પૂછ્યું, '' ____ નોટ આપીશ?''
4. ____ સીતાફળ ખૂબ ભાવે. એકસાથે ચાર ખાઈ જાઉં.
5. આ ચોપડી હીનાની નથી? તો ____ છે?
6. તમને ખબર છે એ ફિલ્મમાં ____ વાત આવે છે? ચંદ્ર પાર જતાં રૉકેટ અને ઢીંગલાની.
7. આટલી બધી ગભરાય છે ____ માટે? હું તારી સાથે તો છું.
8. હરેશની ટીમમાં ____ ____ રહેશે? અજયની ટીમમાં ____ ____ રહેવું છે?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**25** **તમારા હાથમાં જે ચિઠ્ઠી આવે તેનો ઉપયોગ કરી પ્રશ્ન બનાવી વર્ગને પૂછો.**

કોનું?, કોની?, કોના?, કોણ?, કોને?, શાને? – પ્રશ્નશબ્દોની ચિઠ્ઠી બનાવી રાખો. શરૂઆતમાં આ રમત સમૂહમાં રમાડો, પછી પાંચ-પાંચનાં જૂથમાં રમાડો.

**26** **જોડીમાં બેસી પત્ર મોટેથી વાંચો. એકબીજાને શ્રુતલેખન કરાવો અને સાથે બેસીને તપાસો. બે-ત્રણ વાર આ રીતે મહાવરો કરીને જુઓ કે તમારી ભૂલો કેટલી ઓછી થતી ગઈ? (જોડીકાર્ય)**

વિદ્યાર્થીઓ એકવાર પત્ર વાંચી લે પછી શ્રુતલેખન કરાવવા કહો. વિદ્યાર્થીઓને જાતે જ પોતાનું શ્રુતલેખન તપાસવા કહો.

તા. ____________

ધોરણ પાંચના વહાલા વિદ્યાર્થી,

મારો આ પત્ર વાંચ્યા પછી કદાચ તું મને લુચ્ચો નહીં કહે.

જો, મારો ઈરાદો તને હેરાન કરવાનો હોતો જ નથી. તું જ્યારે બોલાવે ત્યારે હું આવવા તૈયાર હોઉં છું. તને શું લાગે છે, મને ઉનાળા, શિયાળામાં તારી યાદ સતાવતી નહીં હોય! આઠ-આઠ મહિના તારાથી દૂર રહેવું ગમતું નથી એટલે તો વચ્ચે વચ્ચે માવઠું થઈ આવી જાઉં છું. આખું ચોમાસું તારી સાથે રમ્યા પછી મારી તો બધી જ તાકાત નિચોવાઈ જાય છે એટલે દરિયાલાલ પાસે જાઉં છું, ખૂબ બધું પાણી પીને તાજોમાજો થાઉં છું અને જેવું મારું શરીર ભરાય એવો તારી પાસે દોડી આવું છું.

તારી બધી ફરિયાદોના જવાબ આપતો નથી. તને કદાચ લાંબો પત્ર ન ગમે તો? મળીએ આવતા એકમમાં.

તારો ખાસમખાસ દોસ્ત,

મેઘ

**27** **અક્ષરની જગ્યા ફેરબદલ કરી યોગ્ય શબ્દ બનાવો. (ઘરકામ)**

| | | | |
|---|---|---|---|
| દામેન - મેદાન | ક્સસર | ફરજસન | ડોધુમા |
| નુંવાદખા | રણર્યાવપ | શિરહોયા | સીલતુ |
| તોવાયુંડિ | નાવસોરણી | ગરદુજા | ફરાજિ |

**28** **સ્વરચિહ્ન બદલીને શબ્દો ઓળખી કાઢો. મોટેથી વાંચો.**

ઉદાહરણ : રકીબા - રકાબી

1. કંર્મકડા 2. હિરેનગાત 3. ભાણાકર 4. ભંડુકંયિ 5. ઓડોઅવાળ 6. દારમયિન 7. અશ્વસાના

**29** **તમને અડધો કલાક ધમાલમસ્તી કરવાની છૂટ મળે પણ શરત એટલી કે બીજાને જરાય નુકસાન ન થવું જોઈએ, તો શું શું કરશો? યાદી બનાવો. તમારી યાદી મિત્રોને સંભળાવો.**

1. ____________ 2. ____________

3. ____________ 4. ____________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**30** તમે દોસ્તો સાથે છાનામાના કોઈ રમત રમો ને ઘરમાં સહુને ખબર પડે તો તમારું શું થાય? જુઓ, રમેશ અને ચંદુની સાથે શું બન્યું તે...

## હું ને ચંદુ



હું ને ચંદુ છાનામાના કાતરિયામાં પેઠા,
લેસન પડતું મૂકી ફિલમ ફિલમ રમવા બેઠા,

મમ્મી પાસે દોરી માંગી, પપ્પાની લઈ લુંગી,
પરદો બાંધી અમે બનાવી ફિલમ મૂંગી મૂંગી, હું ને ચંદુ...

દાદાજીના ચશ્માંમાંથી કાઢી લીધો કાચ,
એનાથી ચાંદરણાં પાડ્યાં પડદા ઉપર પાંચ,

ચંદુ ફિલમ પાડે ત્યારે જોવા આવું હું,
હું ફિલમ પાડું તો જોવા આવે છે ચંદુ, હું ને ચંદુ...

કાતરિયામાં છુપાઈને બેઠી'તી બિલ્લી એક,
ઉંદરડીને ભાળી એણે તરત લગાડી ઠેક;

ઉંદરડી છટકી ને બિલ્લી ચંદુ ઉપર આવી,
બીક લાગતાં ચંદુ સાથે ચીસો મેં ગજાવી,



દોડંદોડ ઉપર આવી પહોંચ્યાં મમ્મી-પપ્પા,
ચંદુડિયાનો કાન આમળ્યો, મને લગાવ્યા ધબ્બા. હું ને ચંદુ...

– રમેશ પારેખ

### વાતચીત

- આ કવિતામાં તમને કઈ બે પંક્તિ ગાવાની સૌથી વધુ મજા આવી? ગાઈ બતાવો.
- તમારું સૌથી તોફાની તોફાન બધાંને સંભળાવો.
- તમને શાની શાની બીક લાગે છે?
- તમને ઘરે જઈને એક તોફાન કરવાનું લેસન મળે તો કયું તોફાન કરો?
- તમારાથી કોઈ દિવસ ઘરમાં કંઈ ભાંગી તૂટી ગયું હતું? ત્યારે કોણે શું કહ્યું હતું? કોણે શું કર્યું હતું?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમારાથી કોઈ ભૂલ થઈ જાય તો તમે છુપાવો છો કે કહી દો છો? કેમ?
- આ કવિતા આપણે કંઠસ્થ કરીશું.

**31** **'ચંદુ'ની જગ્યાએ તમારા દોસ્ત/સહેલી/મિત્રનું નામ બોલી આખી કવિતા ફરીથી ગાઓ.**

**32** **વાક્યો વાંચો અને અર્થ ધારો.**

| | |
|---|---|
| **1. રમેશ અને ચંદુ કાતરિયામાં પેઠા.**<br>• બિલ્લી કાતરિયામાં પેઠી કે તરત ઉંદરડું ભાગ્યું.<br>• કોઈ ઝાંપામાં પેઠું કે તરત કૂતરું ભસ્યું.<br>તો, પેઠા એટલે ____________ | **3. બીક લાગતાં ચંદુ અને રમેશે ચીસો ગજાવી.**<br>• પહેલાં વીજળી ચમકે પછી વાદળ ગાજે.<br>• બાળકોના અવાજથી મેદાન ગાજી ઊઠ્યું.<br>તો, ગજાવી એટલે ____________ |
| **2. બિલ્લીએ ઉંદરડીને ભાળી.**<br>• સાહેબને આવતા ભાળ્યા કે વર્ગમાં શાંતિ થઈ ગઈ.<br>• રાજુએ ફૂલ ઉપર એક પતંગિયું ભાળ્યું.<br>તો, ભાળી એટલે ____________ | **4. બિલાડીએ ઉંદર પર ઠેક લગાવી.**<br>• અમન ઠેક લગાવીને ખાડો કૂદી ગયો.<br>• હનુમાનજી ઠેક લગાવીને દરિયો કૂદી ગયા.<br>તો, ઠેક એટલે ____________ |

**33** **વાક્યમાં શબ્દો આડાઅવળા થઈ ગયા છે, તેમને સવળા કરી સાચું વાક્ય બનાવો. ચંદુ અને રમેશે જે રીતે ફિલ્મ પ્રોજેક્ટર બનાવ્યું હશે તે રીત પ્રમાણે વાક્યોને ક્રમમાં ગોઠવો. (જોડીકાર્ય)**

- કાઢ્યો ચશ્માંમાંથી દાદાના કાચ ____________ ( 3 )
- પટ્ટી પર ફિલ્મની પ્રકાશ ફેંક્યો બેટરી વડે ____________ (   )
- દેખાઈ ફિલ્મ પડદા ઉપર ____________ (   )
- લીધી મમ્મી દોરી પાસેથી ____________ (   )
- ફિલ્મની પટ્ટી ગોઠવી કાચ પાછળ ____________ (   )
- પપ્પાની પડદો બનાવ્યો લુંગીનો ____________ (   )

- **હવે તો આપણે કવિતા જ ગાઈશું : 'હું ને ચંદુ'**

**34** **પ્રશ્નોના જવાબ આપો અને કોઈ પણ ત્રણના જવાબ લખો.**

1. રમેશ અને ચંદુ રમવા માટે કાતરિયામાં જ શા માટે ગયા હશે?
2. કાતરિયામાં કુલ કેટલા જીવ ભેગા થયા હતા?
3. કાતરિયામાં બિલ્લી પેઠી'તી, એ વાતની છોકરાઓને ક્યારે ખબર પડી?
4. ચંદુ અને રમેશ માળિયામાં છે, એવી જાણ મમ્મી-પપ્પાને કેવી રીતે થઈ?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

5. મમ્મી-પપ્પા દોડંદોડ કરતાં ઉપર શા માટે આવ્યાં?

6. ચંદુ અને રમેશની ફિલ્મ મૂંગી કેમ હશે?

7. ચંદુ અને રમેશ સાથે બેસીને ફિલ્મ કેમ નહોતા જોતા?

8. રમેશના પપ્પાની લુંગી દોરો.

**35** **અભિનય કરો.**

1. તમે છાનામાના કાતરિયામાં પેઠા.
2. મમ્મીએ તમારો કાન આમળ્યો.
3. તમારા પર બિલાડી/ઉંદર કૂદ્યો કે ગરોળી પડી.
4. પપ્પાએ તમને ધબ્બા લગાવ્યા.

**36** **આપેલાં વાક્યોમાં ઘાટા અક્ષરવાળા શબ્દને બદલે યાદીમાંનો બંધબેસતો શબ્દ ઓળખી કાઢો. યાદીમાંના શબ્દની નીચે લીટી દોરી કૌંસમાં તે શબ્દનો ક્રમ લખો.**

(1) છાનામાના, (2) ઝટપટ, (3) ટગરટગર, (4) રાતાપીળા, (5) મરકમરક

1. ચંદુએ **ઉતાવળે** લેસન કર્યું. ( )
2. છોકરાં **ચૂપચાપ** બગીચામાં પેઠા. ( )
3. મારી બહેન બિલ્લીને **એકીટસે** જોતી હતી. ( )
4. મમ્મી **ધીમુંધીમું** હસી. ( )
5. બંનેની ધમાચકડી જોઈ પપ્પા **ગુસ્સે** થયા. ( )

**37** **તમે ઉંદર છો. આ આખી વાત ચંદુનાં મમ્મીને કહો.**

- **ચાલો, ચંદુડિયાને યાદ કરી લઈએ : 'હું ને ચંદુ'**

**38** **આ એક શબ્દોમાં કેટલા શબ્દો છુપાયા છે તે શોધો. તમે અહીં આપેલા શબ્દના અક્ષરોનો જ ઉપયોગ કરી શકશો.**

**ઉદાહરણ :** કાતરિયા : કાયા, રિયા, તરિયા, કાતર

1. રામકહાણી : ______________________
2. ચાંદરણાં : ______________________
3. પંચપકવાન : ______________________
4. નામોનિશાન : ______________________
5. અમદાવાદ : ______________________

**39** **બંને/ત્રણેય શબ્દોનો ઉપયોગ કરી એક વાક્ય બનાવો. વાક્ય મુજબ શબ્દમાં ફેરફાર કરી શકો.**

**ઉદાહરણ :** વાડો - ચોરપગલે - આયા

- વાડામાં આયા બેઠેલી હતી એટલે અમે આગળના દરવાજેથી ચોરપગલે દાખલ થયા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

1. પૌત્રી - ફિલમ 2. બાળકો - છાનુંમાનું 3. દાદા - કાન આમળવો
4. ઉંદર - પેઠા - ચીસ 5. પૌત્ર - મિત્ર - ચિત્ર 6. શબ્દ - પરિચિત - વાર્તા

**40** આપેલા વાક્યમાં સાચું વાક્ય કયું? તેની આગળ ✓ કરો. ખોટા વાક્યને ખોટા બનાવતા શબ્દ ફરતે ◯ કરો.

**ઉદાહરણ :** હું દોડું છે. ● હું દોડતો છું. ● મેં દોડું છું. ✓● હું દોડું છું.

1. મારે નામ સુધા છે. ● મારું નામે સુધા છે. ● મારું નામ સુધા છે. ● મારું નામ સુધા છું.
2. મીના લખતી હતું. ● મીનાએ લખતી હતી. ● મીના લખતી હતી. ● મીના લેખન હતી.
3. મહેશ કવિતા ગાઈ. ● મહેશે કવિતા ગાઈ. ● મહેશે કવિતા ગાવું. ● મહેશે કવિતાનું ગાઈ.

● ચાલો, છાનાંમાનાં કાતરિયામાં પેસીએ : 'હું ને ચંદુ'

**41** ફકરાના દરેક વાક્યને ખોટો બનાવતો એક શબ્દ છે. તે શબ્દ શોધો, તેના પર લીટી કરી સાચો શબ્દ લખો.

અત્યારે ગુજરાતીનો તાસ ~~છું~~ (છે). અમે ~~પહેલું~~ (પહેલો) એકમ ભણીએ છીએ. ~~અમારે~~ (અમે) એક પ્રવૃત્તિ કરીએ છીએ. આ પ્રવૃત્તિ ખૂબ સહેલું છે. મને તે તરત આવડે ગઈ. હું મજા પડી ગઈ. મને તે પ્રવૃત્તિ ત્રણ મિનિટમાં પૂરી થઈ ગઈ. તે પછી મેં જાતે એવાં ખોટું વાક્યો બનાવ્યાં. ખોટાં વાક્યો વાંચીને મને ખૂબ હસવું આવ્યો.

**42** વાક્યો પૂરાં કરો.

1. મને જાદુઈ પેન્સિલ મળી જાય તો ______
2. મારી પાસે પાળેલો હાથી હોય તો ______
3. મારો હુકમ પાળે તેવું ભૂત મળી જાય તો ______
4. કદી મેલું જ ન થાય તેવું શર્ટ હોય તો ______
5. તેમાં જે ભરીએ તે ખૂટે જ નહીં તેવી બોટલ મળી જાય તો ______

**43** હસો.

"રેડિયો કેમ તોડી નાખ્યો?"

"એમાં બેસીને કોણ બોલે છે, એ જોવું હતું."

● લગભગ સરખા : (જે શબ્દોના અર્થ અહીં નથી લખ્યા તેમની ચર્ચા કરીને અર્થ લખાવો.)

**અજાણ**-ખબર ન હોવી તે; **આયા** - છોકરાંને સંભાળવા રાખેલી બાઈ; **કર્મકાંડ**-વર્ષોથી નિયમ પ્રમાણે કરવામાં આવતું કામકાજ; **મુટ્ઠી વાળીને**-હોય તેટલા બળથી; **વાડો**-ઘર પાછળ આંતરેલી ખુલ્લી જગા; **પણે**-પેલે ઠેકાણે/પેલી જગાએ; **હત્તારીની**-અણગમાનો ભાવ બતાવતો શબ્દ; **દરખાસ્ત મૂકી**-પ્રસ્તાવ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મૂક્યો; **નામનિશાન નહોતું**-______________; **કોઠાર**-અનાજ ભરવાનો ઓરડો; **બીકણ બિલાડી**-સાવ ડરપોક; **અવતાર**-દેખાવ; **બાવાં બાઝ્યાં હતાં**-કરોળિયાનાં જાળાં ચોંટેલાં હતાં; **ઉતરડાયું**-ફાટ્યું; **જીવ લઈને નાઠા**-જીવ બચાવવા ઘણી જ ઉતાવળે દોડ્યા; **ચીટકી રહી**-વળગી રહી, ચોંટી રહી; **રુદ્રાવતાર**-ભયંકર ગુસ્સાવાળું રૂપ; **વેશ**-દેખાવ; **કસાઈ**-પશુઓને મારીને તેનું માંસ વેચવાનો ધંધો કરનાર; **ભણકારા વાગતા હતા**-આભાસ થતો હતો; **કાતરિયું**-છેક છાપરાની નીચેનો નીચો મેડો; **પડતું મૂકી**-હાથમાં લીધેલું કામ અધવચ્ચેથી છોડી દઈ; **ચાંદરણાં**-ઝીણાં કાણાંમાંથી પડતાં અજવાળાંનાં ચાંદાં; **છટકી**-એકદમ છૂટી ગઈ; **ચીસો ગજાવી**-______________; **કાન આમળ્યો**-ઠપકો આપવા માટે કાનની બૂટ પકડી; **ધબ્બા લગાવ્યા**-થાપટો મારી; **પૌત્રી**-______________; **ચોરપગલે**-______________; **ભળી ગઈ**-______________

- **શબ્દભંડાર :**

દરેક એકમ પૂરો થાય એટલે શબ્દભંડારની રમત આવશે. એકમ ચાલતો હોય તે દરમિયાન વિદ્યાર્થીઓ વર્ગ, શાળા કે ઘરમાં થતી વાતો, બજારમાં જોયેલી જાહેરાતો, બિલ, વગેરે અન્ય વાંચતી વખતે તેઓ નવા શબ્દોની નોંધ રાખે તેમ તેમને યાદ કરાવતા રહો.

વિદ્યાર્થીઓને નવો લાગતો હોય તેવો એક શબ્દ વારાફરતી બોલવા કહો. તેઓ જે શબ્દો બોલે તે બોર્ડ પર નોંધતા જાઓ. તે જ વખતે તેમણે તે શબ્દ ક્યાં સાંભળ્યો/વાંચ્યો હતો તે પૂછો. શબ્દ વિશે ચર્ચા કરો. ત્યારબાદ બોર્ડ પર નોંધાયેલા બધા શબ્દો વિદ્યાર્થીઓને અહીં આપેલી જગ્યામાં નોંધી લેવા કહો.

## તને સાંભરે રે...

- ચંદુની જગ્યાએ તમે કોનું નામ મૂકીને કવિતા ગાઈ હતી?
- તમારા કુટુંબની, સંબંધોની વાત કરવાની થઈ એ પ્રવૃત્તિ કઈ હતી?
- એક શબ્દમાંથી બીજા શબ્દો બનાવવાની પ્રવૃત્તિમાં તમે કયા શબ્દમાંથી સૌથી વધારે શબ્દો બનાવ્યા હતા?
- કઈ પ્રવૃત્તિ તમે આપમેળે કરી લીધેલી? કઈ પ્રવૃત્તિ તમારે બે વાર શીખવી પડી હતી?
- 'બિચારી ફિયોના' વર્ગમાં કેટલી વાર વાંચી હતી? તમે ઘરે વાંચી હતી?
- 'હું ને ચંદુ'ની કઈ લીટી તમને સૌથી પહેલાં યાદ રહી ગયેલી?
- આ એકમમાં તમે કયા નવા શબ્દો શીખ્યા? તેમાંથી કયા કયા શબ્દ તમે બોલચાલમાં કે લખવામાં વાપરો છો?
- તમે કઈ કઈ પ્રવૃત્તિ એકલા અને કઈ કઈ પ્રવૃત્તિ જોડીમાં કરી હતી?
- કઈ પ્રવૃત્તિમાં જોડીકામ કરવાની સૌથી વધુ મજા આવી હતી?
- કઈ પ્રવૃત્તિ જરાય ન ગમી? તેના ક્રમ લખો. ______________
- ચોથા ધોરણના 'કુહૂ'માંથી તમને સૌથી વધારે ગમેલી વાર્તા કે કવિતા વિશે વાત કરો.


મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંચન ઝડપ વધારવાની રમત

- **આંખ કે ડોક હલાવ્યા વગર વાંચવાનો પ્રયત્ન કરો. આવો મહાવરો રોજ બે વખત કરવાથી તમારી વાંચન ઝડપ વધશે. તમારી આંખ એક જ નજરમાં ચારથી પાંચ શબ્દ જોઈ શકશે.**

**દૂધમાં સાકર**

આજથી હજારથી
પણ વધુ
વર્ષ પહેલાં
ગુજરાતના સંજાણ બંદરે
ઈરાનથી એક પરદેશી
વહાણ આવ્યું. આ ઈરાનીઓ
અહીં વેપાર કરવા કે
સહેલ કરવા નહોતા આવ્યા
પણ દુ:ખના માર્યા આવ્યા હતા.
તેમના દેશમાં વિધર્મીઓનું રાજ્ય થતાં.
તેમને પોતાનો જરથોસ્તી ધર્મ પાળવાનું
મુશ્કેલ થયું હતું. તેથી
આશરો મેળવવા તે હિંદમાં
આવ્યા હતા. ઈરાનીઓના
વડા દસ્તૂર તરીકે
ઓળખાતા. તેમણે
સંજાણના હિંદુ
રાણાના દરબારમાં
માણસ મોકલી અરજી
કરી કે અમને અહીં
વસવાની રજા આપો. જવાબમાં
રાણાએ મોઢેથી કે કાગળથી
કશું કહ્યું નહિ અને દૂધથી
છલોછલ ભરેલો એક કટોરો દસ્તુર

પર મોકલ્યો. દસ્તૂરે દૂધનો કટોરો હાથમાં લઈ તેમાં ધીરે ધીરે સાકર ઉમેરી કટોરો રાણા પર પાછો મોકલ્યો. રાણાએ દૂધ ચાખી જોયું ને એ ખુશ ખુશ થઈ ગયા. એમણે આ પરદેશીઓને પોતાના રાજ્યમાં વસવાની રજા આપી રાણા અને દસ્તૂર વચ્ચે થયેલી આ મૂંગી વાતચીતનો ભેદ શો? રાણાનું કહેવું એમ હતું કે મારા રાજ્યમાં વસતી ઠેઠ કાંઠા સુધી છલોછલ ભરેલી છે. તમને ક્યાં જગા આપું? એ વાત તેણે દૂધના કટોરાથી જણાવી. જવાબમાં દસ્તૂરે દૂધમાં સાકર ઉમેરી એનો અર્થ એ કે જેમ સાકર દૂધમાં ભળી ગઈ તેમ અમે તમારી વસતીમાં ભળી જઈશું. આ ઈરાનીઓ તે આજના આપણા પારસીઓના વડવા અને સાચે જ પારસીઓએ એ વચન બરાબર પાળ્યું છે. તેઓ પૂરેપૂરા હિંદી બની ગયા છે. આમ આશરો આપનાર અને આશરો લેનાર બંને ઊજળા બન્યા છે.

- **આવી જ બીજી પ્રવૃત્તિ માટે પાન નં. 69 પર જુઓ. એકમના પાઠ, કાવ્ય તેમજ બીજી વાચનસામગ્રી પણ આ રીતે વાંચવાનો મહાવરો કરો.**

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in